ક્રમાંક: ઘ/માધ્ય/ભરતી/૨૦૨૫/૨૦૯૫-૨૧૨૨

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર – ૧૯, ગાંધીનગર.
તા.૦૭/૦૨/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

**વિષય :** બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી–૨૦૨૪ અન્વયે ઇન્ટરવ્યુ પ્રક્રિયા ચાલુ રાખવા બાબત

**સંદર્ભ:** (૧) શિક્ષણ વિભાગના તા.૦૭/૦૨/૨૦૨૫ના પત્રક્રમાંક : બમશ/૧૧૨૫/૧૮/ગ

(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક: અનદ–૧/ભરતી/૨૦૨૫/૧૫૭૩–૧૬૦૯ તા.૩૧/૦૧/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક: ઘ/માધ્ય/અનદ–૧/૨૦૨૫/૧૮૭૯–૧૯૧૩ તા.૦૬/૦૨/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી–૨૦૨૪ અન્વયે સંદર્ભદર્શિત પત્ર –૨ થી ચૂંટણી પ્રક્રિયાના અંતર્ગત આચાર્ય ભરતીની ઇન્ટરવ્યુ પ્રક્રિયા મુલતવી રાખવામાં આવેલ.

પરંતુ સંદર્ભદર્શિત પત્ર–૧ થી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આચાર્ય ભરતી પ્રક્રિયા ચાલુ રાખવા અને નિમણૂક હુકમો તા.૧૬/૦૨/૨૦૨૫ પછી એટલે કે મતદાન દિવસ બાદ કરવાની શરતે મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે આચાર્ય ભરતીની ઇન્ટરવ્યુ પ્રક્રિયા અગાઉ નિયત કરેલ તેમજ ઉમેદવારના કોલલેટરમાં ફાળવેલ તારીખ અને સમય મુજબ **તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૧૩/૦૨/૨૦૨૫** સુધી રાબેતા મુજબ ચાલુ રાખવા આથી જણાવવામાં આવે છે. **તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૧૫/૦૨/૨૦૨૫** દરમ્યાન પસંદગી પામનાર ઉમેદવારોને **તા.૧૭/૦૨/૨૦૨૫** કે તે બાદ સંબંધિત શાળા મંડળ દ્વારા નિમણૂક હુકમ અપાય તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવાનું રહેશે અને તેની સંબંધિતોને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

સંદર્ભદર્શિત પત્ર–૩થી અપાયેલ હાજર થવાની સુચનાને બદલે હવે નિમણૂક થયેલ/થનાર ઉમેદવારોએ **તા.૧૭/૦૨/૨૦૨૫ થી તા.૨૬/૦૨/૨૦૨૫** સુધીમાં હાજર થવાનું રહેશે.

તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૧૩/૦૨/૨૦૨૫ સુધી મુલતવી રાખેલ ઈન્ટરવ્યુની નવી નિયત કરેલ તારીખો નીચે મુજબ રહેશે. જે ધ્યાને લેવી.

| અગાઉની ઈન્ટરવ્યુની તારીખ | નવી નિયત કરેલ ઈન્ટરવ્યુની તારીખ |
|---|---|
| ૧૦/૦૨/૨૦૨૫ | ૧૦/૦૨/૨૦૨૫ (ફેરફાર કરેલ નથી) |
| ૧૧/૦૨/૨૦૨૫ | ૧૧/૦૨/૨૦૨૫ (ફેરફાર કરેલ નથી) |
| ૧૨/૦૨/૨૦૨૫ | ૧૨/૦૨/૨૦૨૫ (ફેરફાર કરેલ નથી) |
| ૧૩/૦૨/૨૦૨૫ | ૧૩/૦૨/૨૦૨૫ (ફેરફાર કરેલ નથી) |
| ૦૧/૦૨/૨૦૨૫ | ૧૫/૦૨/૨૦૨૫ |
| ૦૩/૦૨/૨૦૨૫ | ૧૪/૦૨/૨૦૨૫ |
| ૦૪/૦૨/૨૦૨૫ | ૧૭/૦૨/૨૦૨૫ |
| ૦૫/૦૨/૨૦૨૫ | ૧૮/૦૨/૨૦૨૫ |
| ૦૬/૦૨/૨૦૨૫ | ૧૯/૦૨/૨૦૨૫ |
| ૦૭/૦૨/૨૦૨૫ | ૨૦/૦૨/૨૦૨૫ |
| ૦૮/૦૨/૨૦૨૫ | ૨૧/૦૨/૨૦૨૫ |

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા., ગાંધીનગર**

**નકલ સવિનય રવાના:**

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ),સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ(રા.ક.),સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (માધ્યમિક), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- GIPL, ઉદ્યોગ ભવન, ગાંધીનગર (ઉક્ત આયોજનની અમલવારી સારૂ)